રસવંતા ને શુદ્ધ જીવનમાં, જ્ઞાનદીપ પ્રગટાવું, પ્રભુવર તારા પરની શ્રદ્ધા, પ્રતિપળ ઉજ્જ્વળ રાખું.

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૪૦૨ |
| અમદાવાદ | ૧૮૫ |
| ગાંધીનગર | ૪૩ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૯૪ ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૦, બુધવાર; અ. આસો સુદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ચીનની કુટિલનિતી : લદ્દાખ સીમાએ ઘાતક હથિયારો તૈનાત

**ભારતના કોઈપણ શહેરમાં પહોંચી શકે તેવી રેન્જની મિસાઈલ ગોઠવી : બીજી તરફ ભારતીય સેનાએ પણ હવે ઘાતક હથિયારો તૈનાત કરવા માંડ્યાં, આ વિસ્તારના તમામ એરબેઝને આ હથિયારોથી સજ્જ કરવામાં આવ્યા**



લેહ, તા. ૨૨

લદ્દાખમાં સીમાએ તનાવ સર્જીને ભારતની ભૂમિ પર કબજો જમાવનારા ચીને હવે નવું પરાક્રમ કરવાનું શરૂ કર્યું છે. ભારત સાથે વાટાઘાટોમાં ચીન જીદ પકડીને બેઠું છે તો બીજી તરફ ચીની સેનાએ મોટાપાયે ઘાતક હથિયારો તૈનાત કરવા માંડ્યાં હોવાના અહેવાલ છે.

ચીની સેનાએ લદ્દાખને અડીને આવેલા અક્સાઈ ચીન વિસ્તારમાં હવે મધ્યમ અંતરની મિસાઈલો તૈનાત કરવા માંડી છે. આ મિસાઈલોની રેન્જ એટલી વધારે છે કે, ભારત આખું તેના નિશાના પર આવી શકે છે. બીજી તરફ ભારતીય સેનાએ પણ હવે ઘાતક હથિયારો તૈનાત કરવા માડ્યાં છે.

અંગ્રેજી અખબારના અહેવાલ પ્રમાણે ભારતે ચીનને ડરાવવા માટે મોટી સંખ્યામાં તૈનાત કરેલી મિસાઈલોની જાણકારી સેટેલાઈટ તસવીરો થકી મળી રહી છે. મિસાઈલોની સાથે તોપો અને લાંબા અંતર સુધી પ્રહાર કરી શકે તેવા રોકેટ લોન્ચર ગોઠવ્યા છે.આ વિસ્તારના તમામ એરબેઝને આ હથિયારોથી સજ્જ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## સસ્પેન્ડ થયેલા સાંસદોના ધરણા વિપક્ષ ચોમાસુ સત્રનો બહિષ્કાર કરશે

**ખેડૂતોના બિલો માટેની અમારી માંગ નહિ માનવામાં આવે ત્યાં સુધી વિપક્ષ સત્રનો બોયકોટ કરશેઃ આઝાદ**

ન્યુ દિલ્હી,તા.૨૨

રાજ્યસભામાંથી સસ્પેન્ડ આઠ સાંસદો બાદ મંગળવાર (૨૨ સપ્ટેમ્બર) પણ હોબાળો ચાલુ છે. આ દરમિયાન સાંસદોએ ધરણા ખતમ કરી દીધા છે. રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરાયેલ ૮ સાંસદોએ આખી રાત ગાંધી પ્રતિમા સામે ધરણા કર્યા હતા. આ દરમિયાન કોંગ્રેસ નેતા અને રાજ્યસભા સાંસદ ગુલામ નબી આઝાદે કહ્યુ કે જ્યાં સુધી અમારા સાંસદોના સસ્પેન્શનને પાછા લેવામાં ન આવે અને ખેડૂતોના બિલો માટેની અમારી માંગો માનવામાં ન આવે ત્યાં સુધી વિપક્ષ ચોમાસુ સત્રમાંથી બૉયકૉટ કરે છે. તેમણે કહ્યુ કે સ્જ્ઁ માટે અમે ત્રણ શરતો રાખી છે જ્યાં સુધી તે પૂરી ન થાય આ બૉયકૉટ ચાલુ રહેશે.

ગુલામ નબી આઝાદે કહ્યુ, જ્યારે આ બિલ લાવી રહ્યા હતા ત્યારે એમએસપી એ વખતે અનાઉન્સ કરવી જોઈતી હતી પરંતુ ના કરી. સ્જ્ઁ બાદમાં અનાઉન્સ કરવામાં આવી જેનુ અમે સ્વાગત કરીએ છીએ. સ્જ્ઁ માટે અમે ત્રણ શરતો રાખી છે જ્યાં સુધી તે પૂરી ન થાય ત્યાં સુધી આ બૉયકૉટ ચાલુ રહેશે. રાજ્યસભા સાંસદ ગુલામ નબી આઝાદે કહ્યુ કે છેલ્લા બે દિવસોમાં જે સંસદમાં થયુ મને નથી લાગતુ કે તેનાથી કોઈ પણ ખુશ છે. કરોડો લોકોને જે રિપ્રેઝન્ટ કરે છે તેને કરોડો લોકો જુએ છે. જે લક્ષ્ય છે અહીં આવવાનુ તે તો પૂરુ થવુ જોઈએ.





કોંગ્રેસના રાજ્યસભા સાંસદ સૈયદ નાસિર હુસેને કહ્યુ છે કે અમે માત્ર સાંસદોનુ સસ્પેન્શન રદ નથી કરાવવા માંગતા પરંતુ અમારી એ પણ માંગ છે કે ખેડૂત બિલ પાછા લેવામાં આવે અને ફરીથી યોગ્ય મતદાન કરાવવામાં આવે. પરંતુ એ પ્રમાણેનુ કંઈ થવાનુ નહોતુ કારણકે સભાપતિ કોઈની વાત સાંભળવા માટે તૈયાર નહોતા. કોંગ્રેસે મંગળવારે (૨૨ સપ્ટેમ્બર)ના રોજ લોકસભાનુ સત્ર શરૂ થતા પહેલા પોતાના લોકસભા સાંસદોની બેઠક બોલાવી હતી. વળી, રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને ૨૦ સપ્ટેમ્બરે કૃષિ બિલો પાસ થવા દરમિયાન વિપક્ષી સાંસદો દ્વારા સંસદમાં તેમની સાથે કરવામાં આવેલ અનિયંત્રિત વ્યવહાર પર એક પત્ર લખ્યો છે.

# ડ્રગ્સ કેસમાં હવે દીપિકા પાદુકોણનું નામ ખુલ્યું

**એનસીબી દીપિકાને પુછપરછ માટે બોલાવશે : ડ્રગ ચેટમાં ડી એટલે કે અભિનેત્રી દીપિકા પાદુકોણ કે જેના દ્વારા માલ એટલે ડ્રગ્સની માગ કરવામાં આવી હતી**



મુંબઈ, તા.૨૨

સુશાંત સિંહ રાજપૂત કેસમાં નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો ડ્રગ્સ એન્ગલની તપાસ કરી રહી છે અને આ તપાસમાં બોલિવુડના ઘણા સ્ટાર્સના નામ સામે આવી રહ્યા છે. હવે બોલિવુડની ટોપ એક્ટ્રેસ દીપિકા પાદુકોણનું નામ પણ આ તપાસમાં સામે આવ્યું છે. એનસીબી આ સપ્તાહે દીપિકા પાદુકોણેને પૂછપરછ માટે સમન મોકલે તેવી શક્યતા છે. એનસીબીની તપાસમાં ડ્રગ્સ અંગેની કેટલીક ચેટ્સ સામે આવી છે. તેમાં દીપિકા પાદુકોણનો ડી જ્યારે કેડબલ્યુએએન ટેલેન્ટ મેનેજમેન્ટ એજન્સીની કર્મચારી કરિશ્માનો કે તરીકે ઉલ્લેખ કરાયો હોવાનું કહેવાય છે. કરિશ્મા જયા સાહાની કંપનીની કર્મચારી છે. આ કરિશ્મા સાથે દીપિકા પાદુકોણની ચેટ્સ પર થયેલી વાતચીત સામે આવી છે. જયા સાહા સુશાંત સિહ

● અનુસંધાન પાન-૭ પર

# લોન રિપેમેન્ટ માટે ૨ વર્ષ સુવિધા આપવા એસબીઆઈનો નિર્ણય

**પહેલી માર્ચ પહેલા લોન લેનારે, લોકડાઉન પહેલા નિયમિતરુપે લોનના હપ્તાની ચૂકવણી કરી હોય તેવા ગ્રાહકો હવે આ નવી યોજનાનો લાભ લઈ શકે છે**

મુંબઈ, તા.૨૨

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ કોરોના કાળ વચ્ચે ગ્રાહકોની આર્થિક સ્થિતિનો ખ્યાલ કરતા ખૂબ જ મોટો નિર્ણય કરતા પોતાના હોમ લોન અને રિટેલ લોનના ગ્રાહકોને મોટી રાહત આપતા આગામી ૨ વર્ષ સુધી મોરાટોરિય અથવા તો આટલા જ સમયગાળા માટે લોન રિપેમેન્ટને રિશિડ્યુલ કરવા માટેની સુવિધા આપવાનું નક્કી કર્યું છે. દેશમાં લોન આપવામાં પીએસયુ બેંકમાં અગ્રણી એવી એસબીઆઈએ સોમવારે લોન ગ્રાહકોને વધુ રાહત આપવાની જાહેરાત કરતા કહ્યું કે જો ગ્રાહક ઈચ્છે તો પોતાનો મોરાટોરિયમ પીરિયડ આગામી ૨ વર્ષ સુધી લંબાવી શકે છે. આરબીઆઈના વન ટાઈમ રીલિફ નિર્ણયની સાથે જતા બેંકે જાહેર કર્યું કે જે ગ્રાહકોએ ૧ માર્ચ ૨૦૨૦ પહેલા લોન લીધી છે અને કોવિડ ૧૯ લોકડાઉન પહેલા તેઓ નિયમિતરુપે લોનના હપ્તાની ચૂકવણી કરતા હતા તેવા ગ્રાહકો આ નવી યોજનાનો લાભ લઈ શકે છે. પરંતુ આ યોજનાનો લાભ લેવા માટે લોન લેનાર ગ્રાહકે એ દર્શાવવું પડશે કે તેમની આવકને કોવિડ ૧૯ના કારણે નુકસાન પહોંચ્યું છે. આ યોજનાની જાહેરાત કરતા એસબીઆઈના મેનેજિંગ ડિરેક્ટર સી.એસ. શેટ્ટીએ કહ્યું કે 'આ યોજનામાં લોન રિસ્ટ્રક્ચરિંગ મામલે બેંક સંપૂર્ણપણે તેના ગ્રાહકોના એસેસમેન્ટ પર નિર્ભર કરે છે કે તેઓ ક્યારે ફરી નોર્મલ ઈન્કમ મેળવવા અથવા તો નોકરી મેળવવા માટે સમર્થ થશે. દેશની ટોચની બેંક દ્વારા કોવિડ ૧૯થી જેમની આવક બાધિત થઈ છે તેવા

● અનુસંધાન પાન-૭ પર


ભાવભીની અંજલિ



સ્વ. મનિષ વિક્રમભાઈ પટેલ

સૂર્યનું સમી સાંજે અસ્ત થવું એ કુદરતનો ક્રમ છે,
પરંતુ મધ્યાહ્ને અસ્ત થવું એ વિધિની વક્રતા છે.
તારી અચાનક વિદાય અમારા માટે અસહ્ય બની છે.
ઈશ્વર તારા આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના....

લિ.

અશોકભાઈ પટેલ - (વકીલ)
(એડવોકેટ)
ચેરમેન, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગાંધીનગર



હાર્દિક અભિનંદન



મહેશસિંહ રાઓલ

પરમ આદરણીય કેન્દ્રીય ગૃહમંત્રી તથા ગાંધીનગર લોકસભાના લોકલાડીલા સાંસદ માન.શ્રી અમિતભાઈ શાહ સાહેબની ભલામણથી ગાંધીનગર મહાનગર ભાજપના પૂર્વ મહામંત્રી

શ્રી મહેશસિંહ રાઓલની

ભારત સરકારમાં રેલવે મંત્રાલય વિભાગના Western Railway, Ahmedaba Divisional Rail User's Consultative Committee (DRUCC) માં નિમણૂંક થવા બદલ

અનેક અનેક અભિનંદન સહ શુભેચ્છાઓ...

વાડીભાઈ પટેલ
નાજાભાઈ ઘાંઘર
સુરેશચંદ્ર મહેતા
એચ. એમ. પટેલ
શંકરભાઈ ચૌધરી
ધવલ દવે
વિપુલ પટેલ
અશોકભાઈ ભાવસાર
દેવેન્દ્રસિંહ ચાવડા
કાર્તિક પટેલ
અતુલ પટેલ
આર. આર. પટેલ
મયુર પટેલ (બાબા)
જીતેન્દ્ર સેજાણી
ઉમેશ જહા
નિતિનભાઈ પટેલ
મનુભાઈ પટેલ
ડો. રણછોડભાઈ રથવી
બિપીન રાવલ
દિનેશસિંહ રાઓલ (નાનાભાઈ)
રાજેન્દ્રસિંહ કાઠીયા
મહિપાલ પ્રભાકર


## ઉદ્ધવ ઠાકરે, શરદ પવારને આઈટીએ નોટિસ ફટકારી

નવી દિલ્હી, તા. ૨૨

સંસદમાં એક તરફ વિપક્ષ અને સરકાર વચ્ચેની લડાઈ ચાલી રહી છે ત્યારે બીજી તરફ એનસીપીના પ્રમુખ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શરદ પવાર ,મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે તથા તેમના પુત્ર આદિત્ય ઠાકરે ને આવકવેરા વિભાગ તરફથી નોટિસ ફટકારવામાં આવી છે.

## રાજ્યસભામાં ઉપરાષ્ટ્રપતિ નાયડુ ધ્રૂસ્કે-ધ્રૂસ્કે રડ્યા..!!

ન્યુ દિલ્હી,તા.૨૨

રાજ્યસભાના મોનસુન સત્રમાં ઘણુ બધુ પહેલીવાર જોવા મળી રહ્યું છે ત્યારે રવિવારે વિપક્ષ દ્વારા કરવામાં આવેલ હલ્લાબોલ અને ડે. સ્પીકરની જગ્યાપર ધસી જઈ તોડ ફોડ કરવી જેવી ઘટનાને લઈને વેંકૈયા નાયડુ ભાવુક થઈ ગયા હતા અને તેમણે કહ્યું હતુ કે, ખરેખર આ ખુબજ શરમજનક બાબત છે અને આવી વાતોથી ઠેસ પહોંચે છે આટલું કહેતા કહેતા વેંકૈયા નાયડુ રડી પડ્યા હતા.